# પ્રારંભ

મારી આઈ.સી.એસ.ઈ બોર્ડ એક્ઝામ હજી હમણાં જ પતી હતી. એવામાં મારા દોસ્ત ચિન્ટૂ- રિષિ કપૂરનો ફોન આવ્યો : 'આજથી ડૅડ 'મેરા નામ જોકર'ના સર્કસવાળા ભાગનું શૂટિંગ ક્રૉસ મેદાનમાં કરવાના છે. આપણે ત્યાં જઈએ. સર્કસમાં મસ્ત સેક્સી રશિયન ફટાકડીઓ હશે.' હું પટી ગયો. પરીક્ષા પતી ગઈ હતી અને અમે નવરા ધૂપ હતા. એમાં ભળી ઓછાં કપડાં પહેરેલી રશિયન સુંદરીઓને મળવાની લાલચ. પંદર વરસના એક કિશોર માટે ઘેર બેસી રહેવા કરતાં આ હજાર દરજ્જે વધુ લલચામણી વાત હતી.

માત્ર શૂટિંગ જોવાની વાતથી હું આકર્ષાયો નહોતો. દિગ્દર્શક એચ.એસ. રવૈલનો દીકરો હોવાના નાતે શૂટિંગ તો મેં ઘણાં જોયાં હતાં. ખરી લાલચ તો પેલી 'વિદેશી' સુંદરીઓને ઝાંખવાની હતી.

યૂ સી, ચિન્ટૂ અને હું વૉલસિંગહૅમ હાઉસ સ્કૂલમાં ચાર ગ્રેડ સુધી સાથે ભણ્યા હતા. ત્યાર પછી જો કે એ 'ઑલ ગર્લ્સ સ્કૂલ' થઈ ગઈ હતી. પણ એ ચાર વર્ષોમાં અમારી દોસ્તી જામી ગઈ હતી જે આખી જિંદગી ટકી રહી. ડૅડ અને રાજઅંકલ બંને ફિલ્મકાર હતા અને એ બે જણા પણ સારા મિત્રો હતા.

અમે ક્રૉસ મેદાન પહોંચીને સર્કસના તંબુમાં ઘૂસ્યા ત્યારે શરૂઆતમાં તો પેલી સુંદરીઓમાં જ મારું ધ્યાન હતું. પણ જેવા મેં રાજઅંકલને કામ કરતા જોયા કે ત્યાં હોવા પાછળનું મારું અસલ પ્રયોજન હું ભૂલી જ ગયો. રાજઅંકલને એમનો જાદુ બિછાવતા જોઈને હું સંમોહિત

થઈ ગયો. જાણે મ્યુઝિક શીટ વગર કોઈ માએસ્ટ્રો સિમ્ફની કન્ડક્ટ કરતા ના હોય! એક માણસ એકલે હાથે અંદાજે પાંચ હજાર જુનિયર આર્ટિસ્ટ, રશિયન અને ભારતીય સર્કસ આર્ટિસ્ટ, ઍક્ટર્સ અને ક્રૂ મેમ્બર્સને કંટ્રોલ કરી રહ્યો હતો. એ બધાં જ જાણે સંગીતનાં વાદ્યો હતાં અને રાજઅંકલ એક સિદ્ધહસ્ત સંગીતકારની જેમ એ તમામની અંદરથી શ્રેષ્ઠ સંગીત રેલાવી રહ્યા હતા. ભજવાઈ રહેલા સીનમાં અવ્યવસ્થા હતી અને શિસ્ત પણ હતી. હું તો છોકરીઓના વિચારો કરવાનું ભૂલીને એક ખૂણામાં ઊભો ઊભો જોતો જ રહ્યો.

ઘેર ગયા પછી પણ શૂટિંગનો એ અનુભવ મારા દિલોદિમાગ પર છવાયેલો રહ્યો. મારા માનસપટ ઉપર એ દૃશ્યો ફરી ફરીને ભજવાતાં ગયાં. રાજઅંકલે કેવી રીતે નાનામાં નાની વિગતને કેટલી ચીવટ અને જહેમતપૂર્વક શૂટ કરી હતી એ હું કેમે કરીને ભૂલી નહોતો શકતો. એમની એ ફિલ્મ વિશે હું કશું જ જાણતો નહોતો પણ જે રીતે એમણે આટલા બધા લોકો પાસેથી પોતાને જોઈતું કામ કરાવ્યું એ મારા દિમાગમાંથી ખસતું જ નહોતું. હું એટલો બધો ઉત્સાહિત હતો કે મારી મૉમને પણ મેં મારા અનુભવ વિશે વાત કરી. “મૉમ, આજે હું રાજઅંકલની ફિલ્મનું શૂટિંગ જોવા ગયો હતો અને એમને કામ કરતા જોવા એ કોઈ જુદા જ લેવલનો અનુભવ હતો. કાલે હું ફરી પાછો શૂટિંગ જોવા જવાનો છું.”

બીજે દિવસે હું ફરી ત્યાં ગયો અને એક ખૂણામાં એકલો બેસીને બધું જોતો રહ્યો. રાજઅંકલે મને જોઈને પૂછ્યું, “ચિન્ટૂ પણ આવ્યો છે તારી સાથે?” મેં કહ્યું કે હું એકલો જ હતો. એમણે નૉડ કર્યું અને પાછા પોતાના કામમાં પરોવાઈ ગયા.

જે રીતે એ પોતાના દિમાગમાં જાતજાતની વિગતો અને માહિતી સંઘરી શકતા હતા એ અદ્ભુત હતું. એમનાં આંખ-કાન બધે જ હતાં. એમની દૃઢ માન્યતા હતી કે એક ઍક્ટર પાસેથી અમુક રીતે સંવાદ

બોલાવવા કે અમુક ચોક્કસ રીતે હલનચલન કરાવવા માટે ડિરેક્ટરે જાતે એ અભિનય કરી બતાવવો જરૂરી છે, જેથી તે ઍક્ટર એ પ્રમાણે સીન ભજવી શકે.

મને યાદ છે કે ધરમજી એટલે કે ધર્મેન્દ્ર – એક ટ્રૅપીઝ આર્ટિસ્ટ[1]ની અને સાથે સાથે સર્કસના માલિકની ભૂમિકામાં હતા. એમણે જમ્પ કર્યા પછી સેફ્ટી નેટ ઊપર ઊભા રહેવાનું હતું. નેટ હાલકડોલક થતી હતી અને એની ઉપર સંતુલન જાળવવું મુશ્કેલ હતું એટલે ધરમજી જરા અવઢવમાં હતા. એ જોઈને રાજઅંકલ જાતે નેટ ઉપર ચઢી ગયા અને ધરમજીને બતાવ્યું કે એ કેવી રીતે કરાય. હવે એ વખતે પણ રાજઅંકલનું શરીર જરા ભારે તો હતું જ, પણ એમના ચહેરા પર ડર કે સંકોચની એક લકીર પણ નહોતી.

આની ઉપરથી ફિલ્મ બનાવવા પ્રત્યેની એમની પ્રતિબદ્ધતાનો ખ્યાલ આવે છે. એમણે જે પરિણામની કલ્પના કરી હોય એને મેળવવા માટે કોઈ જ જાતની બાંધછોડ એમને કબૂલ નહોતી. કોઈ પણ સીનની જરૂરિયાત મુજબ કૅમેરાની મૂવમેન્ટ, બૅક-ગ્રાઉન્ડ મૂવમેન્ટ, ઍક્ટર્સની ઍક્ટિંગ અને ડાયલૉગ્ઝની રિધમ– આ તમામ પાસાં એમણે મનમાં ગોઠવી રાખ્યાં હોય, અને એ તમામ પાસાં બરાબર પાર ઊતરે એની એ પૂરી તકેદારી રાખે.

એમની પાસે વિચારોની સ્પષ્ટતા અને ફિલ્મ બનાવવાની ઊંડી સૂઝ હતી અને એ જ કારણે દરેક સીનની દરેક ઍક્શન અને દરેક ઈમોશન ઉપર એમનું સંપૂર્ણ આધિપત્ય રહેતું. જો એમણે વિચાર્યું હોય કે અમુક સીન માટે ઍક્ટરે ડાબો પગ પહેલાં ઉપાડવાનો છે તો પછી એણે ડાબો પગ પહેલાં ઉપાડવો જ રહ્યો. જેમ જેમ મેં એમની સાથે વધારે સમય વિતાવ્યો તેમ તેમ મને ખ્યાલ આવતો ગયો કે એ જે પણ કરતા તેની પાછળ કંઈક ઠોસ કારણ રહેતું. સામાન્ય માણસ

1 સર્કસમાં ઝૂલાના ખેલ કરતો કલાકાર

જેને નકામી ચીકાશ માનવાની ભૂલ કરી બેસે એ ચીવટ જ એમને જીનિયસ બનાવતી હતી.

બીજા એક સીનની વાત કરીએ તો દારાસિંઘજીએ સિંહના પાંજરાની પાછળથી આવીને પાંજરાની બાજુમાં પોતાની જગ્યા લેવાની હતી. એમના જમણા હાથમાં ચાબુક હતી. દારાજીના કહેવા મુજબ પાંજરું જમણી બાજુ રહે એવી રીતે ઊભા રહેવું સારું રહે. રાજઅંકલના મતે એમના જમણા હાથમાં ચાબુક હતી એટલે પાંજરું ડાબી બાજુ હોય એ રીતે ઊભા રહેવું બહેતર રહે. એક હાથમાં ચાબુક અને બીજી બાજુ સિંહને કારણે સીનની નાટ્યાત્મકતા ઘણી જ અસરકારક રીતે વ્યક્ત થઈ હતી.

શૂટિંગમાંથી પાછા આવીને મેં જરા વિચાર્યું. રાજઅંકલની સાથે રહીને એમનું કામ જોવાની મને ખરેખર મજા આવે છે? મારી કારકિર્દી આ જ દિશામાં આગળ વધે એમાં મને રસ હતો? મને ખરેખર ખબર નહોતી. મેં દરેક પાસાંનો વિચાર કરી જોયો. અભ્યાસ, કારકિર્દી અને મારું ભવિષ્ય. મારાં માબાપની ઈચ્છા હતી કે હું મારા ડૅડની લાઈનમાં જ આગળ વધું. પણ મારો પ્લાન જુદો હતો. મારે કૅનેડા જઈને ન્યુક્લિયર ફિઝિક્સની ડીગ્રી લેવી હતી. ફિલ્મલાઇનમાં જવાનો મારો કોઈ ઈરાદો નહોતો.

મારી યુનિવર્સિટીનો કોર્સ ચાલુ થવાને હજી સાત મહિનાની વાર હતી અને મારી પાસે બીજી કોઈ પ્રવૃત્તિ હતી નહીં. એટલે મેં મારી મૉમ સાથે વાત કરી. ‘મારી પાસે સાત મહિના છે અને કરવા માટે કોઈ પ્રવૃત્તિ છે નહીં. એટલે મારો વિચાર છે કે રજાઓ પૂરી થાય ત્યાં સુધી રાજઅંકલના આસિસ્ટન્ટ તરીકે કામ કરું.’

રજાઓમાં રખડી ખાવાને બદલે હું કંઈ કામ કરું એ વાતથી મારી મૉમ તો ખુશ જ થાય ને! મારી ઍપ્રેન્ટિસશિપ શરૂ થવાની હતી એ દિવસે ડૅડ મારી સાથે આવ્યા અને રાજઅંકલને મળ્યા. મારે સાત

મહિના એમની સાથે રહીને કામ કરવું છે એ વિશે એમની સાથે વાત કરી. રાજઅંકલે મને બોલાવીને કહ્યું, "તું મારી સાથે આવીને કામ કરે એ બહુ સારી વાત છે. મેં જોયું છે કે છેલ્લા પંદર દિવસથી તું રોજ અહીં આવીને મારું કામ ધ્યાનથી જોય છે. પણ એક વાત યાદ રાખજે : અહીં તું એચ.એસ. રવૈલનો દીકરો નહીં પણ બાકીના બધાની જેમ જ, યુનિટનો એક હિસ્સો હોઈશ. બીજી વાત : મેં કોઈ સ્કૂલ નથી ખોલી પણ તારામાં શીખવાની ધગશ હશે તો તને શીખવાડવાની મને મજા આવશે."

પછી એમણે મારા ડૅડને જરા ખખડાવ્યા, "તમે હજી ગયા કેમ નથી? આ હવે રાજકપૂરનો આસિસ્ટન્ટ ડિરેક્ટર છે, તમારો દીકરો નથી." અને એ બંને ખડખડાટ હસવા માંડ્યા. જ્યારે હું એક બાજુ ઊભો ઊભો રાજકપૂરના આસિસ્ટન્ટ હોવાની વાત પચાવવાની કોશિષ કરી રહ્યો હતો.

મારી ઍપ્રેન્ટિસશિપ શરૂ થવાના થોડા જ દિવસોમાં મને સમજાવા માંડ્યું કે રાજઅંકલ પાસે તેજ દિમાગ તો હતું જ પણ એમની અમુક વિલક્ષણ વિચિત્રતાઓ પણ હતી! મને એનો પરચો થોડા જ દિવસોમાં મળી ગયો. રાધુ કર્મકાર 'આવારા'ના વખતથી એમના 'ડિરેક્ટર ઑફ ફોટોગ્રાફી' (DOP) હતા. એક દિવસે એમણે મને બોલાવીને કહ્યું, "રાહુલ, આ શૉટના લાઇટિંગમાં જરા મજા નથી આવી રહી. કોઈએ તંબુની ઉપરના ભાગમાં પેલા ટ્રૅપીઝ આર્ટિસ્ટ વાપરે છે એ પ્લૅટફૉર્મ પર ચઢીને બધું સરખું ગોઠવવું પડશે." એ કામ કરવા માટે કોણ યોગ્ય રહેશે એ હું હજી વિચારતો હતો ત્યાં ખાનસા'બ, કે જે 'આગ'ના સમયથી રાજઅંકલના સાઉન્ડ એન્જિનીયર હતા એમણે મને ખખડાવ્યો, "ઊભો છે શું? ચઢી જા ઉપર અને ઊભો રહી જા પ્લૅટફૉર્મ પર!" મારા તો હાંજા ગગડી ગયા. એટલી ઊંચાઈ સુધી ચઢવાના વિચારથી જ મારું તો મગજ બહેર મારી ગયું. હજી કંઈ સમજાય એ પહેલાં તો મારી કમર ઉપર સેફ્ટી હાર્નેસ બંધાઈ ગયું!

મતલબ કે ખાનસા'બ મજાક નહોતા કરતા. એ સાચે જ મને 40 ફીટ ઊંચી દોરડાની નિસરણી ઉપર ચઢવાનું કહેતા હતા. મારું કાળજું જાણે મોઢામાં આવી ગયું. એટલું ઓછું હોય એમ હું ઉપર પહોંચ્યો એટલે મને ઝૂલા ઉપર ઊભા રહેવાની સૂચના આપવામાં આવી. મારા ગભરાટનો પાર ન રહ્યો. હું કંઈ સર્કસના સ્ટંટ કરવા ટેવાયેલો નહોતો. એવી રીતે ઝૂલા ઉપર ઊભા રહેવામાં તો જાનનું જોખમ હતું! એમાં રાજઅંકલ પણ જોડાયા, "બબ્બૂ, (મારું હૂલામણું નામ બબ્બૂ હતું, બોલો! આનાથી ખરાબ નામ કયું હોઈ શકે?) હવે ઝૂલા ઉપર લટકીને સામી બાજુ પહોંચી જા. એ બાજુ ઊભેલો ટ્રૅપીઝ આર્ટિસ્ટ તને સંભાળી લેશે."

ડરનો માર્યો હું થીજી જ ગયો, પણ ત્યાં જ આખી ક્રૂ ખડખડાટ હસી પડી. મારી સૉલિડ ટાંગ ખીંચાઈ કરવામાં આવી હતી! આંસુભરી આંખે હું બાઘાની જેમ નીચે જોઈ રહ્યો. મારી તો સમજમાં જ નહોતું આવી રહ્યું કે આવી પણ મજાક કોઈ કરી શકે.

ધ્રૂજતા પગે હું નીચે ઊતર્યો. મારું હૃદય તો જોરજોરથી ધબકી રહ્યું હતું. રાજઅંકલે મને પહેલી વાર પોતાની સાથે લંચ કરવા બેસાડ્યો. "હું જાણું છું કે તું આજે એક યાતનામાંથી પસાર થયો છે, તને ડર પણ લાગ્યો હશે અને નાલેશી પણ મહેસૂસ થઈ હશે. પણ આને મજાક ના માનીશ. સમજી લે કે આજે તું એક અગત્યની વાત શીખ્યો છે. કોઈ પણ ક્રીએટિવ ફીલ્ડમાં જીવી શકવા માટે જાતજાતની ઈમોશન્સને મહેસૂસ કરવી અને સમજવી જરૂરી છે : ડર, નાલેશી, અપમાન, હાર, સ્વજનને ગુમાવવું કે પછી બ્રેક અપ. આ બધા જ અનુભવ તમને જીવન જીવવાની સમજણ આપશે અને તમારી સર્જકતાને વધારે ઊંડાણ આપશે."